# જળ, હંસ અને પ્રતિબિંબ

ચન્દ્ર અને ચેરી જપાનનું રાષ્ટ્રીય ચારિત્ર્ય. એ પ્રજા... જુઓને આ 'પ્રજા' શબ્દ બહુ ગમતો નથી, પણ વાપરવો પડે છે. પ્રજા' શબ્દમાં મને દેશની રેખાયિત કરતી સીમાની ઇતિહાસની, રાજાઓની ચડતીપડતીની ગંધ આવે છે; પણ જવા દો એ વાત. એ શબ્દ વાપરવો જ પડશે. હા, તો હું વાત કરતો હતો જપાનની પ્રજાની. એ પ્રજા કે જે ચેરીના પ્રથમ પુષ્પપ્રસવનાં આમંત્રણ પાઠવે, અગાશીઓ ચન્દ્રશાળામાં શાંતિથી નભેથી દ્રવતી ચાંદનીનું મૂંગા મૂંગા પાન કરે, ચા જેવા પીણાની રોજિંદી બનાવટને એક અનુષ્ઠાનવિધિની ગિરમા આપે, વાંસઘાસની પત્તીઓને એકબે ફ્રેશ લસરકાથી જીવતી બનાવી દે, સ્વેચ્છામૃત્યુને હારાકીરીના સ્વરૂપે આત્મહત્યાના આળમાંથી ઉગારી લે એ પ્રજાનાં કેટલાંક હાઇકુઓ મનમાં ઘર કરી ગયાં છે. તેનું લાઘવ, તેની નજાકત, નકશી, ચિત્રાંકન, ચિંતન, સંવેદન બધું. ત્રણ લીટીમાં આપણા મનના બધા ખંડો પર ભગવાન વામનની જેમ અધિકાર જમાવી દે. જુઓ આ હાઇકુ :

કેવો ચન્દ્ર!
ચોર પણ થંભ્યો
ગણગણવા.

- બુસોન

આવો એક ચન્દ્ર જોવા મળે તેની ચાંદનીના પાશમાં પકડાયા પછી ચોરને શી સૂધબૂધ રહે? કોઈકે કહેલું તે યાદ આવે છે કે, ખરતો તારો જુઓ ત્યારે તમે જે માગો તે તમને જરૂર મળે.' પણ આખા આકાશમાં ક્ષણાર્ધ પૂરતી લિસોટા, લસરકાની જેમ દોરાતી એ રજતરેખને જોઈને 'આહ્વ' સિવાય કર્યો અભાગિયો બીજું માગી શકે? બોલો ચોરનો કશો વાંક?

આ ચાંદની જોઈ?

હું હોડીમાં
ચન્દ્રલેખાનો પ્રકાશ
મારા ખોળામાં
– તૈગી

ચન્દ્રલેખાનો આછો નરમ પ્રકાશ બધે હશે પણ ફોકસ છે ખોળા પર ને 'ખોળો' શબ્દથી જ રચાયો ચન્દ્રપ્રકાશ સાથેનો સ્નેહનો, લાડનો અનુબંધ.

હોકુસાઈ ને બીજા જપાની ચિત્રકારોનાં ચિત્રોમાં એ ચન્દ્રઘેલી પ્રજાએ ચન્દ્ર નીરખ્યો છે. ક્યાંક પવિત્ર પર્વત ફ્યુજિયામા પાછળ, પાઇન વાંસનાં વૃક્ષોની પડછે કે ઊડતા હંસોને વધુ ધવલ બનાવતા પૂર્ણચન્દ્રરૂપે. એ ચન્દ્રનું ઘેલું આ કવિને કેવું લાગ્યું છે જુઓ :

જોજનો સુધી
સરોવર પર હિમ
ચન્દ્ર છે મારો સુવાંગ.
- બુસોન

એ હાડ ગાળતી શિશિરરાત્રે કવિ સિવાય કોણ જુએ થીજેલા શુભ્ર સરોવર પરના ચન્દ્રને? થીજેલા સરોવર પર ચાલતાં ચાલતાં આકાશમાં ચન્દ્રને જોતાં જોતાં કવિ ચાંદનીમાં પીગળ્યા હશે ને! રૉબર્ટ ફ્રૉસ્ટનું એક્વેન્ટેડ વિથ નાઇટ' યાદ આવે.

ચન્દ્રનું ચિત્રાત્મક આલેખન જુઓ આ હાઇકુમાં :

ઊતરતા જંગલી હંસોની
પંક્તિ તળેટીમાં
નીચે મુદ્રા ચન્દ્રની.
- બુસોન

જપાનીઝ પટ્ટચિત્ર(સ્ક્રૉલ) પર આલેખાયેલ આળખાયેલ ચિત્ર જાણે. ઉપર જંગલી હંસોની પંક્તિ કહી કવિતાની line'નું સૂચન ને નીચે આ લૅન્ડસ્કેપના કવિ- ચિત્રકાર – ચન્દ્રની સહી મુદ્રારૂપે.

આ કવિ ઇજન આપે છે ચન્દ્રદર્શનનું :

ચાલો જઈએ
હિમદર્શને
દટાઇ જઈએ ત્યાં સુધી.
- બાશો

ઘરની બારીમાંથી નિરાંતે આ જોવાની વાત નથી. હિમદર્શન કરતાં કરતાં હેમાળો ગળવાની, શીતસમાધિ લેવાની વાત છે.

એક શિશિર રાત્રે કવિએ ઠીંગરાયેલી પ્રકૃતિ જોઈ :

પાનખર :
પક્ષી અરે વાદળ પણ
દીસતાં ઘરડાં.
– બાશો

પંખી ઘરડું હોય પણ તેના ઉડ્ડયન, રંગગતિની લાક્ષણિકતાથી કદી લાગે ખરું? ને વાદળ તો નિત્યનૂતન ચંચળ, તે પણ આ શિશિર રાત્રે લાગે છે ઘરડાં.

ચન્દ્ર વિશે એક એવું હાઇકુ વાંચ્યાનું સ્મરણમાં જેમાં ચિત્ર કાંઈક આવું છેઃ કવિના ઘરમાં ચોર આવી, વાળીઝૂડીને બધું લઈ બારી વાટે પલાયન કરી ગયો છે. કવિ જાગે છે અને જુએ છે તો ખાલી ઘરની બારીની ફ્રેઇમમાં લટકે છે અદ્‌ભુત પૂર્ણચન્દ્ર! કવિ હાશકારો કરે છે કે આ ઝળૂબતો ચન્દ્ર તો ચોર લઈ જઈ શક્યો નથી!

આ જપાની હાઇકુમાં કે ચિત્રોમાં પંખી તો ઠીક, પણ જંતુ પણ કેવાં મહાન અને અસ્મિતાથી ભર્યાં ભર્યાં લાગે છે. તીડ, કંસારી,

પતંગિયાં, વાણિયા, માખી – આ દરેકને જાણે કવિ નામથી ઓળખતા ન હોય! આપણા જૈનોથીય વિશેષ કરુણાભાવ નહીં, પણ પ્રેમભાવે જુએ છે :

વચ્ચેથી હું
ખસી જાઉં છું મારી માખીઓ!
હવે તમે પ્રેમ કરો નિરાંતે.

– ઇસ્સા

એકબીજા પાછળ ઊડતી, ચક્રાવા લેતી, ગુંજતી, ગણગણતી માખીઓ વચ્ચે કવિ જઈ ચડ્યા ને જોયું તો તેમની હાજરી હતી વિક્ષેપકારી. વચ્ચેથી ખસી જઈ દિવ તેમના ગયા પછી એ માખીઓને ફરી સંવનનલીલા શરૂ કરવા આમંત્રણ, મોકળાશ અને એકાંત આપે છે. ઉમાશંકરના ‘શોધ’માં અડધિયા ડબ્બામાં નમતા પહોરે પ્રવેશેલા નવપરિણીત યુગલને જોઈ કાવ્યનાયક ત્યાંથી ખસી ગયો હતો પણ આ જપાની કવિહૃદય તો ઢળી પડ્યું એક તુચ્છ માખીયુગલ પર.

પોતાના ઘરના માલિક આપણે પોતે જ હોઈએ છીએ? પક્ષી, ગરોળી, કરોળિયાનું પણ ઘર છે. પણ કીટક જંતુઓનો તો તેના પર આદ્ય અંતિમ અને અબાધિત અધિકાર. આપણે ઘર વસાવ્યું તે પહેલાં તેઓ વસેલાં હતાં. આપણે જઈશું, આ ઘર જશે ત્યારે પણ તેઓ રહેશે. બોલો એ ક્યાં મારું છે? એ તો મેં ઉધાર લીધું છે જંતુઓ પાસેથી! અને આ તે કેવી નવલી ઓળખાણ છે :

કીટકો પાસેથી
ઉધાર લઈ ઘર મારું
હું સૂતો.

– ઇસ્સા

કલાપીએ પણ કહ્યું છે ને કે “પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું.’ આવો ઘરોબો છે કવિને આગિયા સાથે. આ તો

છે સિઝનનો પહેલો આગિયો પણ કવિને તો ઘરોબો છે તેમની પેઢીઓ જૂનો. કવિ કહે છે મને ન ઓળખ્યો? એ તો હું!

પહેલો આગિયો
– કેમ પાછો ફરી ગયો?
એ તો હું, ઈસ્સા.

**– ઈસ્સા**

મોસમનો કેવો તો થાક ચડ્યો કે ઘેલું ચંડોળ ચણવાનું તો ભૂલ્યું પણ નાનાં પરાધીન કુમળાં બચ્ચાંને ખવરાવવાનું પણ ભૂલ્યું.

ચંડોળ ઊડે
ઊંચે આકાશમાં
નીચે બચ્ચું મરશે ભૂખે.

**– સોરા**

વિષ્ણુએ અવતાર ધર્યો હોય ને દેખાયા હોય તેવા રોમાંચ સાથે કવિ લગભગ પોકારી જ ઊઠ્યા : “આજે તો એ મોંઘેરું બુલબુલ બે વાર આવ્યું.’ દેખાયું નહીં. ‘દેખાયું’માં દૂરત્વ, પરોક્ષતા છે. ‘આવ્યું’માં નૈકટ્ય, આવકાર ને પરોણાગત છે બુલબુલની.

બુલબુલ
– ભાગ્યે જ જે દેખાતું
આજે બે વાર આવ્યું.

**– કીટો**

પણ આ કવિ વાસ્તવદર્શી પણ છે :

આ જગતમાં
જીવવા માટે પતંગિયાંઓને
પણ કરવી પડે છે જોગવણી.

**– ઈસ્સા**